# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ એ NIDનાં પદવીદાન સમારોહમાં આધુનિક પ્રશ્નોના નવતર ઉકેલ શોધવામાં ડિઝાઇન ક્ષેત્રની ભૂમિકા ને મહત્વની ગણાવી.

2) રાજ્યના તમામ તાલુકાઓમાં GIDCનું નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્યાંક-વિધાનસભામાં ઉદ્યોગ મંત્રીનો જવાબ

3) સુરતના શિવશક્તિ કાપડ માર્કેટમાં આગ મામલે ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓની ટીમ સુરત પહોંચી

4) ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

5) આકાશવાણીના અમદાવાદ કેન્દ્રની મુલાકાતે આવેલા પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સેહગલે રેડિયોની પહોંચ વધારવા પર ભાર મૂક્યો

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT AHMEDABAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે અમદાવાદની રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા- NIDના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા NIDનો 44મો પદવીદાન સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રીમતી મુર્મૂએ આધુનિક પ્રશ્નોના નવતર ઉકેલ શોધવામાં ડિઝાઇન ક્ષેત્રની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું. દરમિયાન રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ ડિઝાઇન માટે NID ના બે વિધાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત ડિઝાઇન ક્ષેત્રે આપેલ નોંધપાત્ર પ્રદાન બદલ NIDના બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ રાષ્ટ્રપતિના હસ્તે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ આજે પ્રતિષ્ઠિત સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી અને લોખંડી પુરુષ સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ એકતા નગર ખાતે જંગલ સફારી કરી અને વિવિધ વન્યજીવોને નિહાળ્યા હતા. તેમણે કેવડિયામાં રાજ્યના સૌથી વિશાળ સરદાર સરોવર ડેમની પણ મુલાકાત લીધી. બાદમાં, રાષ્ટ્રપતિએ એકતા નગરમાં એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી અને તાલીમાર્થીઓ સાથે વાતચીત કરી.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA QUESTIONNAIRE

ગુજરાતનાં વિધાનસભા ગૃહમાં આજે અનેક મહત્વના મુદ્દે પશ્નોતરી કરાઇ હતી , જેમાં રાજ્યના મંત્રીઓએ જવાબ આપ્યા હતા. વિધાનસભા ગૃહમાં જવાબ આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે , કચ્છ જિલ્લામાં વર્ષ 2024માં ઔદ્યોગિક એકમોના શ્રમિકોની 51 ફરિયાદો સામે 25 લાખ રૂપિયાથી વધુની ચૂકવણી કરાવાઈ છે. શ્રમિક સહાયક ટોલ ફ્રી હેલ્પલાઇન પર વર્ષ 2024માં નોંધાયેલા તમામ 18 હજાર 347 કોલનું હકારાત્મક નિરાકરણ કરાયું છે.

શ્રી રાજપૂતે ઉમેર્યું કે ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારીઓનું શોષણ ન થાય અને રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જળવાઈ રહે તે માટે શ્રમ તંત્ર દ્વારા નોંધપાત્ર કામગીરી કરાઇ રહી છે. શ્રી રાજપૂતે જણાવ્યું કે શ્રમ કાયદાઓની જોગવાઇઓના ભંગ બદલ 147 એકમો સામે 178 જેટલા ફોજદારી કેસો દાખલ કરાયા છે.

વિધાનસભા ગૃહમાં રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું કે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધાની પહેલ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. શ્રી પાનસેરીયાએ ઉમેર્યું કે રાજ્યના તમામ 53 હજાર 65 આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન અપાયા છે. ગેસ કનેક્શન આપવા માટે એક આંગણવાડી દીઠ 6 હજાર 630 રૂપિયાનો ખર્ચ થાય છે.

આ ઉપરાંત પેટા પ્રશ્નના ઉત્તરમાં શ્રી પાનસેરીયાએ જણાવ્યું કે , આંગણવાડી કેન્દ્રના ગેસ કનેક્શનમાં સુરક્ષાની તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. દરમિયાન સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે મહેસાણા , સુરત અને બનાસકાંઠામાં છેલ્લા બે વર્ષમાં વિકસતી જાતિના 465 વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન પેટે 61 કરોડ રૂપિયાથી વધુની રકમ ચુકવાઇ છે.

. . . . . . . . . . .

# BALVANTSINH GIDC

રાજ્યના છેવાડાના તાલુકાઓમાં ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ GIDCનું નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલ પ્રશ્નનો જવાબ આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે આ મુજબ જણાવ્યું. શ્રી રાજપૂતે ઉમેર્યું કે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં 7 પ્લોટ અને 4 શેડ તેમજ પાવી જેતપુરમાં 10 પ્લોટ અને 2 શેડની ફાળવણી કરી દેવાઇ છે. શ્રી રાજપૂતે જણાવ્યું કે રાજ્યમાં એક પણ તાલુકો GIDC વિના બાકી ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

. . . . . . . . . . . . .

# JAHER DEVU MODHWADIA

જાહેર દેવા બાબતે વિપક્ષ દ્વારા સરકાર ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ભાજપના પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ જવાબ આપતાં કહ્યું હતું કે સરકારે બજેટના નાણા વિકાસ કાર્યો માટે મોકલ્યાં છે. તેમણે ઉમેર્યુ હતું કે સૌથી ઓછુ ગુજરાત રાજ્ય દ્વારા દેવું કરવામાં આવ્યું છે. અર્જુન મોઢવાડિયાએ આ મામલે વિપક્ષ  પર જ પ્રહાર કર્યા હતા..

(બાઇટ- અર્જૂન મોઢવાડિયા, ધારાસભ્ય, ભાજપ)

. . . . . . . . . . . . .

# SURAT AAG

સુરતના શિવશક્તિ કાપડ માર્કેટમાં આગ મામલે ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓની ટીમ સુરત પહોંચી છે. આ ઉચ્ચ અધિકારીઓની ટીમ ઘટનાની તપાસ કરશે અને તપાસ કર્યા બાદ મુખ્યમંત્રીને અહેવાલ સુપરત કરશે. સાંભળીએ અમારા પ્રતિનિધિ લોપ દરબારનો અહેવાલ

(વોઇસ કાસ્ટ – લોપ દરબાર )

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJARAT SEMICONNECT CONFERENCE

આગામી તારીખ 5 માર્ચથી 7 માર્ચ દરમિયાન ગાંધીનગરમાં ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ યોજાશે. આ પરિસદનાં ઉદ્ઘાટન સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ ઉપસ્થિત રહેશે. ઉદ્ઘાટન સત્ર દરમિયાન ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ક્રાંતિ અને રાષ્ટ્રીય વિકાસમાં ગુજરાતની કેન્દ્રસ્થાન ભૂમિકા અંગે તેમનું વિઝન દર્શાવશે. આ અંગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે વધુ માહિતી આપી.

(બાઇટ: મોના ખંધાર – અગ્ર સચિવ, વિજ્ઞાન અને ટેકનો. વિભાગ)

આ સત્રમાં ગ્રાઉંડબ્રેકિંગ સમારંભ , મહત્વપૂર્ણ જાહેરાતો, સમજૂતી કરારોની આપ-લે સામેલ હશે. ઉદ્ઘાટન સત્રમાં ઉદ્યોગ , શૈક્ષણિક સંસ્થાઓ , સંશોધન સંસ્થાઓ, સરકાર અને પત્રકારિતા ક્ષેત્રમાંથી 2 હજાર 500 થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. દરમિયાન ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને IIT ગાંધીનગર વચ્ચેનો MOU, ધોલેરાની સામાજિક માળખાગત સુવિધાઓની જાહેરાત સહિત અનેક મહત્વના એમઓયુ કરાશે.

. . . . . . . . . . . . .

# BOARD EXAM

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આજે પૂર્ણ થયું. પ્રથમ પેપર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ વ્યાપ્યો હતો. કચ્છ જિલ્લાના 3 ઝોનમાં પરીક્ષા યોજાઇ હતી. ધોરણ ૧૦માં પ્રથમ ભાષાઓ ગુજરાતી , હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ અને સંસ્કૃત પાઠશાળાનું સાહિત્ય તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અને એન્ટરપ્રિન્યોર શીપનું પેપર વિદ્યાર્થીઓ એ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ધોરણ 10 અને 12ના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માટે નોંધાયા છે.

. . . . . . . . . . . . .

# NAVNEET SEHGAL

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત કુમાર સેહગલે યુવાનોને જોડવાના અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં રેડિયોની પહોંચ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવેલા શ્રી સેહગલે આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી હતી શ્રી સેહગલે સ્ટેશનના સ્ટુડિયો , સમાચાર અને કાર્યક્રમ એકમોની કામગીરીની સમીક્ષા કરી.

શ્રી સેહગલે FM નેટવર્કનું વિસ્તરણ કરીને અને તેના ડિજિટલ ફૂટપ્રિન્ટને વેગ આપીને પ્રસાર ભારતીના તેની હાજરી વધારવાના હાલના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. ચેરમેને ધ્યાન દોર્યું કે WAVE OTT પ્લેટફોર્મ યુવાનોને પૂરી કરવા માટે રચાયેલા ઇન્ફોટેનમેન્ટનું મિશ્રણ પ્રદાન કરવામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

(બાઇટ- નવનીત સેહગલ, પ્રસાર ભારતીના ચેરમેન)

શ્રોતાઓના રસ અને રૂચિને આધારે યુવાનો અને મહિલાઓ પર કેન્દ્રિત નવીન કાર્યક્રમો વિકસાવવા પણ તેમણે આકાશવાણીના અધિકારીઓને કહ્યું હતું..

. . . . . . . . . . . . .

# GANDHINAGAR NIPER

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ઔષધીય શિક્ષણ અને સંશોધન સંસ્થા- NIPER ખાતે આજથી બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરાયું છે. આ સંમેલનમાં રાસાયણિક વિજ્ઞાન સંશોધન અને ઔષધીય સંશોધન માટે અનુવાદ- 2025 સંદર્ભે મંથન કરાશે. આ અંગે સંસ્થાના નિયામક શૈલેન્દ્ર સરાફે વધુ માહિતી આપી.

(બાઇટ: શૈલેન્દ્ર સરાફ, નિયામક, NIPER)

. . . . . . . . . . . . .

# MAHAKUMBH RAILWAY

પ્રયાગરાજના મહાકુંભ દરમિયાન 17 હજારથી વધુ ટ્રેનો દોડાવવામાં આવી છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવે કર્મચારીઓના અથાક પ્રયાસો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પ્રશંસા કરી હતી. મહાકુંભમાં કુલ 66 કરોડ ભક્તો જોડાયા હતા, જેમાંથી 4 કરોડ 24 લાખ મુસાફરો માટે માત્ર પ્રયાગરાજના નવ મુખ્ય રેલ્વે સ્ટેશનો પર વ્યવસ્થા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# Godhara

આજે ગોધરા સાબરમતી ટ્રેન હત્યા કાંડને 23 વર્ષ થયા. 27 ફેબ્રુઆરી 2002નો દિવસ ગોધરાના ઇતિહાસમા કાળો દિવસ તરીકે ઓળખાય છે આ દિવસે 59 કાર સેવકો અયોધ્યા રામ મંદિરના આંદોલનમા ગયા હતા અને સાબરમતી ટ્રેન દ્વારા પરત ફરતા હતા ત્યારે ગોધરા સ્ટેશન પર વિધર્મીઓના કાવતરાનો ભોગ બન્યા હતા. વિધર્મીઓ દ્વારા ટ્રેનના ડબ્બામા આગ લગાડવામાં આવી હતી અને કાર સેવકોએ પોતાના જીવનું બલિદાન આપ્યું હતું આજે તેમને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# PRANI MITRA AWARD VANTARA

અનંત અંબાણીના વનતારાને પ્રતિષ્ઠિત 'પ્રાણી મિત્ર ' નેશનલ એવોર્ડથી નવાજવામાં આવ્યું છે. આ એવોર્ડ 'કોર્પોરેટ' કેટેગરી હેઠળ ભારત સરકાર દ્વારા પ્રાણી કલ્યાણ ક્ષેત્રે એનાયત કરાતું સર્વોચ્ચ સન્માન છે. હાથીઓના રેસ્ક્યુ, ઉપચાર અને આજીવન કાળજી રાખવાની સમર્પિત કામગીરી કરી રહેલા વનતારાની સંસ્થા , રાધેક્રિશ્ન ટેમ્પલ એલિફન્ટ વેલ્ફેર ટ્રસ્ટના યોગદાન સ્વરૂપે આ એવોર્ડ એનાયત થયો છે..

. . . . . . . . . . . . .